# સ્વર અને વ્યંજન

આપણા મનમાં રહેલા વિચારો દર્શાવવાનું સાધન એટલે ભાષા. હા, શરીરનાં અંગોના ઉપયોગ (હાવભાવ, ઇશારા વગેરે)થી કેટલોક વ્યવહાર ચલાવી શકાય, પણ આપણે જે કહેવું હોય એ સ્પષ્ટ અને બધું જ કહેવા માટે તો ભાષા જ જોઈએ. આપણી ગુજરાતી ભાષા એ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને ગુજરાતી– એમ ક્રમશઃ ઊતરી આવી છે.

આપણે જ્યારે અર્થસભર કશુંક બોલીએ છીએ ત્યારે એમાં વાક્યો હોય છે. વાક્યો એ શબ્દોની ગોઠવણીથી બને છે.

દા.ત.

રમેશ અત્યારે લખે છે.

આ વાક્ય ચાર શબ્દો મળીને બન્યું છે. એમાં એક શબ્દ છે- રમેશ. આ શબ્દમાં આપણને પ્રથમ નજરે તો ત્રણ ધ્વનિઓ સમજાય છે. ખરેખર તો આમાં ત્રણ નહીં પણ છ ધ્વનિઓ છે. જુઓ,

ર્ + અ + મ્ + એ + શ્ + અ = રમેશ.

આમ છ ટુકડાઓ મળીને આ શબ્દ બન્યો છે. આ પ્રત્યેક ટુકડો એટલે વર્ણ. ભાષાનો નાનામાં નાનો એકમ વર્ણ તરીકે ઓળખાય છે. વર્ણ એ મૂળ ધ્વનિઘટક છે; પછી તેના ભાગ થઈ શકતા નથી.

વર્ણ (ધ્વનિ) - અક્ષર - શબ્દ - પદ - વાક્ય

આ ધ્વનિઘટકો (મૂળાક્ષરો)ને આપણે બે વિભાગમાં વહેંચ્યા છે : સ્વર અને વ્યંજન.

- **સ્વર** : જેનો ઉચ્ચાર બીજા કોઈ પણ અક્ષરના ઉચ્ચારની મદદ વિના સ્વતંત્ર રીતે થાય તે અક્ષર એટલે સ્વર. સામાન્યતઃ અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ - આ તેર સ્વર ગણાય છે. જો કે, કેટલાક વિદ્વાનો 'અં' અને 'અઃ'ને સ્વર તરીકે ગણતા નથી, કારણ કે 'અં' એ 'અ'નું નાકમાંથી થતું ઉચ્ચારણ (અનુનાસિક) છે, જેને ( ં ) ચિહ્નથી દર્શાવાય છે, જ્યારે 'અઃ' એ 'અ'નું મહાપ્રાણ ઊંડા ઉચ્છ્વાસ

સાથે કંઠ દ્વારા થતું- ઉચ્ચારણ છે, જેને (:) ચિહ્નથી દર્શાવાય છે. એટલે જ શબ્દકોશમાં ‘અ’થી શરૂ થતા શબ્દોની યાદી પૂરી થયા પછી ‘અં’થી શરૂ થતા શબ્દો અને તે પછી ‘અઃ’થી શરૂ થતા શબ્દોની યાદી મૂકવામાં આવે છે. સમજાવવા માટે એવું કહી શકાય કે જીભને આંગળીથી પકડીને જેટલા અવાજ કરી શકાય એ બધા સ્વર છે.

અ, ઇ, ઉ અને ઋ આ ચાર મૂળ સ્વર છે. બીજા સાધિત સ્વર અથવા સંયુક્ત સ્વર છે. કેટલાક સ્વરને બેવડાવવાથી, તો કેટલાકને એકબીજા સાથે જોડીને નવા સ્વર (સંધ્યક્ષર) રચવામાં આવ્યા છે. જુઓ,

અ+અ=આ, ઇ+ઇ=ઈ, ઉ+ઉ=ઊ, અ+ઇ=એ, અ+ઉ=ઓ,
અ+ઓ(અ+ઉ)=ઔ.

ઉચ્ચારણમાં લાગતા સમયની દૃષ્ટિએ સ્વરના બે પ્રકાર છે :

**૧. હ્રસ્વ સ્વર**

જેના ઉચ્ચારણમાં સમય ઓછો લાગે, એટલે કે જેનો સાંકડો ઉચ્ચાર થાય છે તે હ્રસ્વ સ્વર છે.

દા.ત.

અ, ઇ, ઉ અને ઋ.

**૨. દીર્ઘ સ્વર**

જેના ઉચ્ચારણમાં સમય વધુ લાગે, એટલે કે જેનો પહોળો ઉચ્ચાર થાય છે તે દીર્ઘ સ્વર છે.

દા.ત.

આ, ઈ, ઊ, એ, ઐ, ઓ અને ઔ.

ઉચ્ચારણ કરતી વખતે તે કયા સ્થાનેથી ઉચ્ચારાય છે એ દૃષ્ટિએ પણ સ્વરના બે પ્રકાર છે :

## (૧) સજાતીય (સવર્ણ) સ્વર :

એક જ સ્થાનેથી બોલાતા સ્વર સજાતીય કે સવર્ણ સ્વર કહેવાય છે. જેમ કે,
અ અને આ (અ અને આ એ બંને સજાતીય સ્વર છે.)

ઇ અને ઈ (ઇ અને ઈ એ બંને સજાતીય સ્વર છે.)

ઉ અને ઊ (ઉ અને ઊ એ બંને સજાતીય સ્વર છે.)

## (૨) વિજાતીય (અસવર્ણ કે વિવર્ણ) સ્વર :

જુદાં જુદાં સ્થાનેથી બોલાતા સ્વર વિજાતીય, અસવર્ણ કે વિવર્ણ સ્વર કહેવાય છે. જેમ કે,

અ, આના વિજાતીય સ્વર ઇ, ઈ, ઉ અને ઊ ગણાય.

ઇ, ઈના વિજાતીય સ્વર અ, આ, ઉ અને ઊ ગણાય.

ઉ, ઊના વિજાતીય સ્વર અ, આ અને ઇ અને ઈ ગણાય.

સ્વરના ઉચ્ચારણ કરતી વખતે મનના ભાવ, કહેવાનો ઇરાદો, હેતુ વગેરેને આધારે ક્યારેક સૂર-ભેદકતા પણ આવે છે. જુઓ,

**૧. જંક્ચર (Juncture)**

જંક્ચર એટલે ઉચ્ચારણમાં અર્થભેદક વિરામ. ઉચ્ચારણના ઘટકો ક્યારેક અટક્યા વિના સંધાય કે ક્યારેક તેને વચ્ચે અટકાવીને સાંધવામાં આવે છે. આવું બંધ કે ખુલ્લું જંક્ચર અર્થ બદલાવનારું બને છે.

દા.ત.

'આ મણિ લાલ છે.' *અને* 'આ મણિલાલ છે.'
'બાળકો નદી આગળ છે.' *(બાળકો ક્યાં છે?નો જવાબ) અને*
'બાળકો, નદી આગળ છે.' *(બાળકોને હકીકતની જાણ કરાય છે.)*
*વગેરે.*

ઉચ્ચારણથી આ ભેદકતા પારખી શકાય છે. અલ્પવિરામના ચિહ્નથી લેખનમાં પણ તેને દર્શાવી શકાય છે.

## ૨. પ્લુતિ

પ્લુતિ એટલે કથનના કોઈ ઘટકને લંબાણથી ઉચ્ચારવો તે. લેખનમાં તેને લંબાવવાના સ્વર પછી ત્રણ ટપકાં(...) દ્વારા દર્શાવવામાં આવે છે.

દા.ત.

'મને હવે ઠીક છે.' *(પ્રમાણમાં સારું છે.) અને*
'મને હવે ઠી...ક છે.' *(એકંદરે ઘણું નબળું છે.)*
'તમે આવ્યા શા માટે?' *(સહજ પ્રશ્ન પુછાયો છે.) અને*
'તમે આવ્યા શા માટે...?' *(થોડી નારાજગી સાથેનો પ્રશ્ન છે.)*

## 3. ભાર

ભાર એટલે વિશેષ ધ્યાન અપાવવા માટે કોઈ ઘટક કે ભાગને વિશેષ બળથી ઉચ્ચારવો. લેખનમાં એ ભાગને નીચે લીટી કરીને લખવામાં આવે છે.

દા.ત.

'હું એને ત્યાં આવ્યો નથી.'
*(માત્ર હકીકતનું કથન છે.) અને*

'હું એને ત્યાં આવ્યો નથી.'
*(નહીં આવવાની હકીકત પર વજન મૂકતું કથન છે.)*

'ખુરશી પર તે આવીને બેઠો.'
*(માત્ર હકીકતનું કથન છે.) અને*

'ખુરશી પર તે આવીને બેઠો.'
*(બીજે ક્યાંય નથી બેઠો, ખુરશી હકીકતના કેન્દ્રમાં છે.)*

અર્વાચીન ભાષાવિજ્ઞાનમાં ભાષાવિજ્ઞાની ડૉ. ટી. એન. દવે ગુજરાતીમાં આ મુજબ આઠ જ સ્વરો સ્વીકારે છે –

| જીભનું સ્થાન | અગ્ર | મધ્ય | પૃષ્ઠ (પાછળ) |
|---|---|---|---|
| ઉચ્ચ | ઇ | _ | ઉ |
| મધ્ય | એ | અ | ઓ |
| નિમ્ન | ઍ | આ | ઑ |

આ સ્વરોને જે તે વ્યંજન સાથે જોડવા માટે સ્વરોની જે નિશાનીઓ રચી છે તેનાં નામ અને પ્રતીક નીચેના કોષ્ટકમાં આપ્યાં છે. સાથે ‘ક’ મૂળાક્ષરને પ્રત્યયો કેવી રીતે લાગે છે તેનો એક નમૂનો પણ મૂક્યો છે.

| સ્વર | અ | આ | ઇ | ઈ | ઉ | ઊ | ઋ | એ | ઐ | ઓ | ઔ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નિશાની | - | ા | િ | ી | ુ | ૂ | ૃ | ે | ૈ | ો | ૌ |
| ઓળખ | - | કાનો | હ્રસ્વ અજજુ | દીર્ઘ અજજુ | હ્રસ્વ વરડુ | દીર્ઘ વરડુ | ઋકાર | એક માત્રા | બે માત્રા | કાનો, માત્રા | કાનો, બે માત્રા |
| નમૂનો | ક | કા | કિ | કી | કુ | કૂ | કૃ | કે | કૈ | કો | કૌ |

- વ્યંજન (વિ+અંજન)- જેનો ઉચ્ચાર કરવા માટે વિશેષ અંજન (ભેળવણી) કરવું પડે તે વ્યંજન છે. વ્યંજનમાં સ્વર ભળે છે ત્યારે જ તેનો સ્પષ્ટ ઉચ્ચાર થઈ શકે છે. ખરેખર વ્યંજન વર્ણ અડધો હોય છે. તેને હલન્ત કે ખોડો કહેવાય છે. તેમાં જ્યારે સ્વર ભળે છે ત્યારે તે પૂર્ણ (અક્ષર) બને છે.

દા.ત.

ક્ + અ = ક

ક્ + ઇ = કિ વગેરે.

કોષ્ટકમાં જુઓ ‘ક’નો નમૂનો.

વ્યંજનોની કુલ સંખ્યા ૩૪ છે :